PROVISIONAL ANSWER KEY

Name of Post: Assistant Director, Government Printing Press Class-2 (Special Recruitment)(SEB)(Advt No. 50/2016-17)

Date of Preliminary Test : 18/12/2016

Subject : Concerned Subject (Que 101-300)

Session: Morning

**101.** ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 અન્વયે ''જાહેર ઉપયોગી સેવા'' માં નોકરીમાં રહેલ કોઈ કામદાર કેટલા દિવસની નોટીસ આપ્યા બાદ હડતાલ પર જઈ શકશે?

(A) ચૌદ દિવસ (B) પંદર દિવસ
(C) એકવીસ દિવસ (D) સાત દિવસ

**102.** ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 ની કઈ અનુસૂચિ મુજબ ''જાહેર ઉપયોગ સેવા'' તરીકે જાહેર કરી શકાય તેવા ઉદ્યોગો દર્શાવેલ છે?

(A) પ્રથમ અનુસૂચિ (B) બીજી અનુસૂચિ
(C) ચોથી અનુસૂચિ (D) ત્રીજી અનુસૂચિ

**103.** ઔદ્યોગિક તકરાર અધિનયમ, 1947 અન્વયે મજૂર અદાલત દ્વારા આપવામાં આવતા ચૂકાદાને શું કહેવાય છે?

(A) ડીક્રી (B) જજમેન્ટ
(C) હૂકમ (D) એવોર્ડ

**104.** ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 હેઠળ ''પહેલો ભરતી થયેલો કામદાર છેલ્લો જાય અને છેલ્લો ભરતી થયેલો કામદાર પહેલો જાય'' - એ સિદ્ધાંત શેની સાથે સંકળાયેલ છે?

(A) છટણી
(B) તાળાબંધી
(C) ક્લોઝર
(D) લે-ઓફ

**105.** ઔદ્યોગિક તકરાર અધિનયમ, 1947 ની કઈ કલમ હેઠળ ''ગેરકાયદેસર હડતાલ અને ગેરકાયદેસર તાળાબંધી'' વ્યાખ્યાયીત કરેલ છે?

(A) કલમ-30
(B) કલમ-23
(C) કલમ-22
(D) કલમ-24

**106.** ઔદ્યોગિક તકરાર અધિનયમ, 1947 નો અમલ રાજ્યમાં કોણ કરાવે છે?

(A) નિયામકશ્રી, ઔદ્યોગિક સ્વાસ્થ્ય અને સલામતી
(B) નિયામકશ્રી, રોજગાગર અને તાલીમ
(C) નિયામકશ્રી, શ્રમ
(D) વેલ્ફેર કમિશ્નરશ્રી

**107.** ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 હેઠળ ''ફેરફારની નોટીસ'' ક્યા પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલ બાબતો માટે આપવી જરૂરી છે?

(A) પ્રથમ પરિશિષ્ટ
(B) ચોથું પરિશિષ્ટ
(C) ત્રીજું પરિશિષ્ટ
(D) બીજું પરિશિષ્ટ

**108.** ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 માં કોણ સુધારા કરી શકે છે?

(A) કેન્દ્ર સરકાર
(B) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર
(C) રાજ્ય સરકાર
(D) વડાપ્રધાન

**109.** ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 માં જણાવેલ ''છટણી'' એટલે -

(A) શિક્ષાત્મક કાર્યવાહીથી બરતરફ કરેલ
(B) લાંબી માંદગીથી આવેલ નોકરીનો અંત
(C) નિવૃત્ત થયેલ કામદાર
(D) માલિકે કામદારની નોકરીનો લાવેલો અંત

**110.** ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 હેઠળ મજૂર અદાલત કઈ તકરાર માટે કાર્યવાહી કરી શકે?

(A) રાજ્ય સરકાર જણાવે તે તકરાર
(B) કેન્દ્ર સરકાર જણાવે તે તકરાર
(C) કાયદાની ત્રીજી અનુસૂચિમાં જણાવેલ વિષયો અંગેની
(D) કાયદાની બીજી અુસૂચિમાં જણાવેલ વિષયો અંગેની

111. ઔદ્યોગિક તકરાર અધિનયમ, 1947 હેઠળ ગેરકાયદેસર હડતાળના કિસ્સામાં કામદારોને નાણાકીય મદદ કેવી રીતે થાય?

(A) માલિક દ્વારા આર્થિક સહાય રૂપે

(B) યુનિયન દ્વારા આર્થિક સહાય રૂપે

(C) આવી મદદ માટે કોઈપણ વ્યક્તિ પર પ્રતિબંધ છે

(D) સરકારી મદદ દ્વારા

112. ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 હેઠળ "વળતર" ક્યારે ચૂકવાય છે?

(1) કામદારને પગાર નહીં મળે ત્યારે

(2) કામદારને કોઈ ઈજા થાય ત્યારે

(3) કામદારને છટણી કરે ત્યારે

(4) કામદારને લે-ઓફ આપે ત્યારે

(A) (1) અને (2)

(B) (1) અને (4)

(C) (3) અને (4)

(D) (2) અને (3)

113. ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 ની જોગવાઈઓ મુજબ સમાધાન અધિકારીની નિમણૂક કોણ કરી શકે?

(A) રાજ્ય સરકારના મજૂર કમિશ્નરશ્રી

(B) નામદાર રાજ્યપાલ

(C) રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(D) સમુચિત સરકાર

114. ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 હેઠળ "ઔદ્યોગિક તકરાર" એટલે -

(A) ઉદ્યોગમાંથી ઉપસ્થિત થતી તકરાર

(B) ઉદ્યોગને લગતી તકરાર

(C) પક્ષકારોની વચ્ચે કામની શરતોની સંલગ્ન તકરાર

(D) સમાધાન અધિકારી નક્કી કરે તે તકરાર

115. ઔદ્યોગિક તકરાર અધિનિયમ, 1947 હેઠળ "તાળાબંધી" એટલે -

(A) કામદાર કામ બંધ કરે તે

(B) યુનિયન દ્વારા કામ બંધ કરાવાય તે

(C) કોઈએ તાળુ મારેલું હોય તે

(D) માલિક કામદારને કામ આપવાનો ઈન્કાર કરે તે

**116.** કારખાના અધિનિયમ, 1948 અન્વયે કેટલા કામદારો નોકરીમાં હોય તો કલ્યાણ અધિકારી નીમવા જરૂરી છે.

(A) 500 (B) 700

(C) 300 (D) 200

**117.** કારખાના અધિનિયમ, 1948 અન્વયે કેટલા કામદારો નોકરીમાં હોય તો સલામતી અધિકારી નીમવા જરૂરી છે?

(A) 100 (B) 250

(C) 1000 (D) 500

**118.** કારખાના અધિનિયમ, 1948 અન્વયે ''કામદાર'' કોને ગણી શકાય?

(1) માલિકની જાત કે જાલ બહાર નોકરીએ રાખેલ વ્યક્તિ

(2) ઉત્પાદન પ્રક્રિયામાં પગાર કે પગાર સિવાય રાખેલ વ્યક્તિ

(3) કારખાનામાં દાખલ થતી કોઈપણ વ્યક્તિ

(4) સરકાર વખતો વખત નક્કી કરે તે મુજબ

(A) (1) અને (4) (B) (1) અને (2)

(C) (2) અને (3) (D) (1) અને (3)

**119.** કારખાના અધિનિયમ, 1948 અન્વયે પુખ્તથયનાં કોઈ કામદારને અઠવાડિયાના કુલ કેટલા કલાક કરતાં વધારે કામ કરવાની ફરજ પાડવામાં આવશે નહીં?

(A) 40 કલાક (B) 50 કલાક

(C) 48 કલાક (D) 42 કલાક

**120.** કારખાના અધિનિયમ, 1948 નો અમલ રાજ્યમાં કોણ કરાવે છે?

(A) નિયામકશ્રી, શ્રમ

(B) ઉદ્યોગ કમિશ્નરશ્રી

(C) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય

(D) વેલ્ફેર કમિશ્નરશ્રી

**121.** કારખાના અધિનિયમ, 1948 હેઠળ માલિકે કારખાનાની નોંધણી ક્યારે કરાવવી પડે છે?

(A) દર વર્ષે ઓક્ટોબર માસ પહેલા (B) કારખાનું શરૂ કરતા પહેલા

(C) માલિકને જરૂર લાગે ત્યારે (D) સરકાર જાહેરનામામાં જણાવે ત્યારે

122. કારખાના અધિનિયમ, 1948 હેઠળ "પંચાગી વર્ષ" એટલે

(A) એપ્રિલથી માર્ચના બાર માસ

(B) કારતક માસથી આસો માસના બાર માસ

(C) જાન્યુઆરીથી ડિસેમ્બરના બાર માસ

(D) સરકાર નક્કી કરે તે બાર માસ

123. કારખાના અધિનિયમ, 1948 હેઠળ "તરૂણ" કામદાર એટલે

(A) બાળ કામદાર

(B) 15 વર્ષથી 18 વર્ષનો કામદાર

(C) યુવાન કામદાર

(D) કોઈપણ કામદાર

124. કારખાના અધિનિયમ, 1948 ની કઈ કલમ હેઠળ કારખાનાઓમાં ચૌદ વર્ષથી નીચનાં બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ છે?

(A) કલમ-72

(B) કલમ-81

(C) કલમ-14

(D) કલમ-67

125. કારખાના અધિનિયમ, 1948 હેઠળ કેટલા સ્ત્રીકામદારથી વધારે સ્ત્રી કામદારો, કારખાનામાં કામે રાખેલ હોયતો, કારખાનાએ ઘોડિયા ઘર રાખવું જરૂરી છે?

(A) 50

(B) 30

(C) 90

(D) 120

126. કારખાના અધિનિયમ, 1948 ની જોગવાઈઓ અનુસાર શિશુગૃહમાં કેટલા વર્ષથી નાના બાળકોને લાવી શકાય?

(A) છ વર્ષ

(B) ત્રણ વર્ષ

(C) દસ વર્ષ

(D) ચાર વર્ષ

127. કારખાના અધિનિયમ, 1948 ની જોગવાઈ અન્વયે કામદારો ઠરાવેલ કલાકો કરતાં વધારે કામ કરે તો, વધારે કરેલા કામનાં કલાક દીઠ કેટલું વેતન ચૂકવવામાં આવે છે?

(A) 1.5 ગણું

(B) 2.5 ગણું

(C) 2 ગણું

(D) ઉપરમાંથી કોઈપણ નહી

128. કારખાના અધિનિયમ 1948 હેઠળની વિવિધ જોગવાઈઓનો કબજેદાર/મેનેજર ભંગ કરે ત્યારે શિક્ષા કરવાનો અધિકાર કોને આપેલો છે?

(A) રાજ્ય સરકારને

(B) રાજ્યની વડી અદાલતને

(C) કારખાનાના મુખ્ય નિરીક્ષકને

(D) નિરીક્ષકે મેજિસ્ટ્રેટને કરેલ ફરિયાદ પછી મેજિસ્ટ્રેટને

129. કારખાના અધિનિયમ, 1948 ની જોગવાઈ મુજબ જે કામદાર 240 દિવસ કે વધુ કામ કરે તેને પગારી રજા ક્યા દરે મળે છે?

(A) 15 દિવસ કામ કરે તો 1 રજા
(B) 18 દિવસ કામ કરે તો 1 રજા
(C) 20 દિવસ કામ કરે તો 1 રજા
(D) 30 દિવસ કામ કરે તો 1 રજા

130. કારખાના અધિનિયમ, 1948 ના અમલ માટે નિરીક્ષકોની નિમણૂક કઈ રીતે થશે?

(A) રાજ્ય સરકાર જાહેરનામામાં નિમણૂક આપેથી
(B) કારખાનાના મુખ્ય નિરીક્ષક નિમણૂક આપેથી
(C) નામદાર રાજ્યપાલના હુકમથી
(D) વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા

131. એપ્રેન્ટીસ એક્ટ, 1961 અન્વયે "એપ્રેન્ટીસ" એટલે

(A) કામચલાઉ/હંગામી કામદારો
(B) એપ્રેન્ટીસના હોદ્દાવાળો કામદાર
(C) એપ્રેન્ટીસના કરાર હેઠળ એપ્રેન્ટીસશીપ ટ્રેઈનીંગની વ્યક્તિ
(D) કોઈપણ કામદાર

132. એપ્રેન્ટીસ એક્ટ, 1961 અન્વયે નીચે પૈકી કોને એપ્રેન્ટીસ તરીકે રાખી શકાતા નથી?

(A) 18 વર્ષથી નીચેનાં વ્યક્તિ
(B) 15 વર્ષથી નીચેનાં વ્યક્તિ
(C) 21 વર્ષથી નીચેનાં વ્યક્તિ
(D) 14 વર્ષથી નીચેનાં વ્યક્તિ

133. રાજ્યમાં "એપ્રેન્ટીસ એડવાઈઝરની નિમણૂક કોણ કરે છે?

(A) કેન્દ્ર સરકાર
(B) રાજ્ય સરકાર
(C) સમુચિત સરકાર
(D) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

134. એપ્રેન્ટીસ એક્ટ 1961 નો ઉદ્દેશ

(A) એપ્રેન્ટીસશીપ ટ્રેનીંગને નિયમિત અને નિયંત્રિત કરવાનો
(B) એપ્રેન્ટીસને માર્ગદર્શન આપવાનો
(C) ઉદ્યોગોમાં વધુમાં વધુ એપ્રેન્ટીસ પૂરા પાડવાનો
(D) બેકારી દૂર કરવનો

135. એપ્રેન્ટીસ એક્ટ 1961 ની જોગવાઈઓ કોને લાગુ પડે છે?

(A) દરેક કારખાનાને જ્યાં 20 કે તેથી વધુ કામદારો રોકાયેલા હોય
(B) કેન્દ્ર સરકાર જાહેરનામામાં જણાવે કે ક્યા વિસ્તારમાં ક્યા ઉદ્યોગોને લાગુ પડશે.
(C) ઉદ્યોગોને કાયદો લાગુ પાડવાની માંગણી હોય તેમને
(D) એપ્રેન્ટીસ જે કારખાનામાં ટ્રેઈનીંગમાં જવાનું જણાવે તેને

**136.** એપ્રેન્ટીસશીપ એક્ટ 1961 હેઠળ એપ્રેન્ટીસને વધારાના કામ (ઓવર ટાઈમ) માટે રાખી શકાય નહીં.

(A) સિવાય કે એપ્રેન્ટીસશીપ એડવાઈઝરને જાણ કરી હોય.

(B) સિવાય કે એપ્રેન્ટીસને વધારાનું કામ તેના તાલીમના લાભમાં કે જાહેર હિતમાં જરૂરી લાગે અને એપ્રન્ટીસશીપ એડવાઈઝર સંમતિ આપે ત્યારે

(C) સિવાય કે એપ્રેન્ટીસને વધારાના કામ માટે તેના મહેનતાણાના વધુ લાભો આપીને

(D) સિવાય કે સંસ્થાના માલિક પાસે વધુ કામ હોય તો

**137.** એપ્રેન્ટીસ એક્ટ, 1961 હેઠળ એપ્રેન્ટીસની ટ્રેઈનીંગ માટે એપ્રેન્ટીસ તરીકે કોને રાખી શકાય ?

(1) 14 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને

(2) સંતોષકારક અભ્યાસ અને શારીરિક રીતે ક્ષમ હોય તેવી વ્યક્તિને

(3) બેકાર વ્યક્તિને

(4) 14 વર્ષથી ઉપરની વ્યક્તિને

(A) (1) અને (2)
(B) (2) અને (4)
(C) (1) અને (4)
(D) (2) અને (3)

**138.** એપ્રેન્ટીસશીપ એક્ટ 1961 હેઠળ રાખેલા એપ્રેન્ટીસ તેની ટ્રેઈનીંગ દરમ્યાન ટ્રેઈનીંગ માટે મેળવવા પાત્ર છે.

(A) પગાર
(B) મહેનતાણું
(C) સ્ટાઈપન્ડ
(D) બોનસની રકમ

**139.** બોનસ ચૂકવણી અધિનિયમ, 1965 હેઠળ બોનસની મહતમ મર્યાદા કેટલી નક્કી કરવામાં આવેલ છે?

(A) 15%
(B) 22%
(C) 17%
(D) 20%

**140.** બોનસ ચૂકવણી અધિનયમ, 1965 સામાન્ય રીતે જે સંસ્થામાં કોઈપણ દિવસે કેટલાથી વધારે માણસો નોકરી પર હોય તે સંસ્થાને લાગુ પડે છે?

(A) 20
(B) 100
(C) 10
(D) 25

**141.** બોનસ ચૂકવણી અધિનિયમ 1965 અન્વયે બોનસની લઘુતમ મર્યાદા કેટલી નક્કી કરવામાં આવેલ છે?

(A) 7%
(B) 12%
(C) 10%
(D) 8.33%

142. બોનસ ચૂકવણી અધિનિયમ 1965 અન્વયે બોનસ મેળવવા કોણ હક્કદાર બને છે?
(A) ફક્ત કાયમી કામદાર
(B) જે કામદારે ઓછામાં ઓછા 240 દિવસ કામ કરેલ છે તે કામદાર
(C) જે કામદારે આગલા પંચાંગી વર્ષમાં ઓછામાં ઓછું 30 દિવસ કામ કરેલ હોય તેને
(D) બોનસ જાહેર થાય ત્યારે જે કામદાર નોકરી પર હોય તેને

143. બોનસ ચૂકવણી અધિનિયમ 1965 અન્વયે હિસાબી વર્ષ બંધ થયાની તારીખથી કેટલા મહિનામાં માલિકે બોનસ ચૂકવવું જોઈએ ?
(A) 1 મહિનામાં
(B) 8 મહિનામાં
(C) 12 મહિનામાં
(D) 3 મહિનામાં

144. બોનસ ચૂકવણી અધિનિયમ 1965 હેઠળ સામાન્ય રીતે નવી શરૂ થયેલ સંસ્થાને શરૂ થયા તારીખથી કેટલા વર્ષ સુધી આ અધિનિયમની જોગવાઈઓમાંથી મુક્તિ મળે છે?
(A) 3 વર્ષ
(B) 4 વર્ષ
(C) 6 વર્ષ
(D) 5 વર્ષ

145. બોનસ ચૂકવણી અધિનિયમ, 1965 માં વર્ષ 2015 માં થયેલ સુધારા મુજબ માસિક કેટલા વેતન સુધી વેતન મેળવતા કર્મચારીઓને આ અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ છે?
(A) રૂા. 15,000/-
(B) રૂા. 10,000/-
(C) રૂા. 21,000/-
(D) રૂા. 6,500/-

146. બોનસ ચૂકવણી અધિનિયમ, 1965 હેઠળ વણચૂકવાયેલા બોનસની રીકવરી કઈ અદાલતમાં કરી શકાય?
(A) મજૂર અદાલત
(B) સિવિલ કોર્ટ
(C) કન્ઝ્યુમર કોર્ટ
(D) ઔદ્યોગિક ન્યાયપંચ

147. બોનસ ચૂકવણી અધિનિયમ, 1965ની જોગવાઈઓમાં ભંગ બદલ કઈ અદાલતમાં ફોજદારી કેસ દાખલ કરવામાં આવે છે?
(A) મજૂર અદાલત
(B) સિવિલ કોર્ટ
(C) ઔદ્યોગિક અદાલત
(D) જ્યૂડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ

148. બોનસ ચૂકવણી અધિનિયમ, 1965 હેઠળ ચૂકવવાપાત્ર બોનસની ગણત્રી, તાજેતરમાં થયેલ સુધારા મુજબ કેટલી છે?
(A) રૂ. 7,000/-
(B) રૂ. 10,000/-
(C) રૂ. 6,000/-
(D) રૂ. 3,500/-

149. બોનસ ચૂકવણી અધિનિયમ, 1965 ની કઈ કલમ હેઠળની જોગવાઈ મુજબ સંસ્થાના માલિકે જરૂરી રકોર્ડ અને રજિસ્ટર નિભાવવાના હોય છે?

(A) કલમ-26
(B) કલમ-24
(C) કલમ-32
(D) કલમ-27

150. બોનસ ચૂકવણી અધિનિયમ, 1965 હેઠળ ''પગાર''ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.

(A) ઓવરટાઈમના મહેનતાણા સિવાયનું નાણા સ્વરૂપમાં ચૂકવાતું મહેનતાનણું
(B) અન્ય ભથ્થાઓ
(C) વિજળી, પાણી, તબીબી સહાયની રકમ
(D) કોઈપણ બોનસની રકમ

151. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 હેઠળ માહિતી મેળવવા સામાન્ય સંજોગોમાં નાગરિકે માહિતી મેળવવા અંગેની અરજી સાથે કેટલી ફી ભરવી જરૂરી છે?

(A) રૂ. 5/-
(B) રૂ. 1/-
(C) રૂ. 20/-
(D) રૂ. 10/-

152. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 હેઠળ અરજદારે માંગેલ માહિતી તેની જિંદગી અને સ્વતંત્રતા બાબતની હોય ત્યારે જાહેર માહિતી અધિકારીએ તેની અરજી મળ્યેથી અરજદારને કેટલા સમયમાં માહિતી પૂરી પાડવાની રહેશે?

(A) 36 કલાકમાં
(B) 48 કલાકમાં
(C) 72 કલાકમાં
(D) 24 કલાકમાં

153. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 અન્વયે રાજ્ય માહિતી પંચની રચના કોણ કરે છે?

(A) રાજ્ય સરકાર
(B) કેન્દ્ર સરકાર
(C) મુખ્યમંત્રી
(D) નામદાર રાજ્યપાલ

154. રાજ્યના માહિતી કમિશ્નરની નિમણૂંક કોણ કરે છે?

(A) માનનીય રાષ્ટ્રપતિ
(B) માનનીય રાજ્યપાલ
(C) મુખ્ય માહિતી કમિશ્નર
(D) મુખ્યમંત્રી

155. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 હેઠળ ગરીબી રેખા નીચે આવતા અરજદારે માહિતી મેળવવાની અરજી સાથે કેટલી ફી ચૂકવવાની જોગવાઈ છે?

(A) રૂ. 5/-
(B) રૂ. 10/-
(C) રૂ. 20/-
(D) ફી ચૂકવવામાંથી મુક્તિ છે.

156. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 હેઠળ માહિતી જાહેર કરવામાંથી મુક્તિ અંગેની જોગવાઈ કઈ કલમમાં છે?

(A) કલમ-8
(B) કલમ-5
(C) કલમ-7
(D) કલમ-6

157. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 અન્વયે માહિતી પંચની સત્તા, કાર્યો, અપીલ વિષયક સત્તા તથા દંડની સત્તા કઈ કલમ હેઠળ ઠરાવેલ છે?

(A) કલમ-15
(B) કલમ-18, 19, 20
(C) કલમ-29
(D) કલમ-14

158. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 મુજબ "માહિતી" એટલે

(A) રેકોર્ડ/અભિપ્રાય
(B) જેની જાણ છે તે
(C) માહિતગાર કરવા
(D) જાણકારી

159. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 હેઠળ માહિતી મેળવવાની અધિકાર કોને છે?

(A) ભારત દેશમાં રહેતી તમામ વ્યક્તિઓને
(B) ભારત દેશના નાગરિકોને
(C) ભારત દેશમાં નોંધાયેલ તમામ કંપનીઓને
(D) ફક્ત ભારત દેશના મતદારોને

160. માહિતીનો અધિકાર 2005 હેઠળ માંગેલ માહિતી આપવાનો જાહેર માહિતી અધિકારી અસ્વીકાર કેવી રીતે કરી શકે?

(A) એવી માહિતી જેને જાહેર કરવામાંથી મુક્તિ મળેલ હોય તેની વિગત આપીને
(B) અસ્વીકાર કરવાના કારણો અરજી પર નોંધી દફતરે કરી શકે
(C) માહિતી માંગનારને ભરેલી ફી પરત કરીને
(D) જાહેર માહિતી અધિકારીને યોગ્ય લાગે તે મુજબ

161. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ રાજ્ય સેવક એટલે ખરેખર "રાજ્ય સેવક" તરીકે ગુજરાત જાહેર સેવા આયોગ કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત ભરતી થયેલ વ્યક્તિ - બાબતે ક્યું વિધાન નીચે પૈકી સાચું છે?

(A) ઉક્ત વ્યાખ્યા અર્ધસત્ય છે
(B) ઉક્ત વ્યાખ્યા ખોટી છે
(C) ઉક્ત વ્યાખ્યા સાચી છે
(D) ઉક્ત વ્યાખ્યા ગેરવ્યાજબી છે.

162. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 આખા ભારત દેશમાં લાગુ પડે છે સિવાય કે,

(A) જે રાજ્યો કાયદો લાગુ પાડવા અસંમત હોય

(B) જમ્મુ અને કાશ્મીર રાજ્ય

(C) ઉત્તર પૂર્વના રાજ્ય

(D) જે રાજ્ય પોતાની રીતે લાગુ પડે તેને

163. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 હેઠળ ''સ્પેશ્યલ જજીસ''ની નિમણૂક કોણ કરી શકે?

(A) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર

(B) માનનીય રાજ્યપાલ

(C) લોકપાલ

(D) વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ

164. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 હેઠળ દંડની રકમ નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવાતી બાબત

(A) ગુનો આચરનાર જાહેર સેવકનો હોદ્દો

(B) ગુનો આચરનાર જાહેર સેવકની મિલકત

(C) ગુનો આચરનાર જાહેર સેવકની ઉંમર

(D) ગુનો આચરનાર જાહેર સેવકની ફરજો

165. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 હેઠળ શિક્ષા પાત્ર ગુનાની તપાસ કોણ કરી શકે ?

(A) પોલીસ ઈન્સ્પેક્ટર

(B) નાયબ પોલિસ અધિક્ષક

(C) કોઈપણ પોલિસ અધિકારી

(D) સી.આઈ.ડી. ઈન્સ્પેક્ટર

166. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 મુજબ લાંચ આપનારના નિવેદનથી તેની સામે મદદગારીનો ગુનો બને?

(A) મદદગારીનો ગુનો બનતો નથી.

(B) મદદગારી માટે જવાબદાર છે તેથી ગુનો બને

(C) પોતાનું કામ જલ્દીથી કરાવવા લાંચ આપી તેથી ગુનો બનતો નથી.

(D) સંજોગો મુજબ ગુનો બની શકે

167. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 હેઠળ ભ્રષ્ટાચાર અંગેના કેસની કાર્યવાહી નીચે જણાવેલ ક્યા કાયદા પૈકી કરવામાં આવે છે?

(A) દિવાની કાર્યવાહીના કાયદા પ્રમાણે

(B) ફોજદારી કાર્યવાહીના કાયદા પ્રમાણે

(C) ધી પ્રોટેક્શન ઓફ હ્યુમન રાઈટસ્ એક્ટ પ્રમાણે

(D) A, B અને C પ્રમાણે

168. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 હેઠળ તપાસ કરનાર અધિકારીને યોગ્ય લાગે તો

(A) ભ્રષ્ટાચાર આચરનાર જાહેર સેવકની બેંકર્સ બુક/બેંકની માહિતી મેળવી શકે

(B) કોઈપણ માહિતી માંગી શકે નહીં.

(C) કોર્ટની પરવાનગી માંગીને કાર્યવાહી કરી શકે

(D) પોતાને યોગ્ય લાગે તે કાર્યવાહી કરી શકે

169. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 હેઠળની જોગવાઈઓ કોને લાગુ પડતી નથી?

(A) રાજ્યના પોલિસ અધિકારીઓને

(B) કેન્દ્ર સરકારના કર્મચારીઓને

(C) લશ્કરના કર્મચારીઓ જેની નોકરી માટે અન્ય કાયદાઓ બનેલા છે તેમને

(D) સરકાર જેને મુક્તિ આપે તેમને

170. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 હેઠળ અપીલ અને ફેરવિચારણાના અધિકારો

(A) તમામ ફોજદારી અદાલતોને છે

(B) ફક્ત ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ અદાલતોને છે

(C) આ કાયદાની જોગવાઈઓ મુજબ નિમાયેલ સ્પેશીયલ જજીસને છે

(D) રાજ્યની વડી અદાલતને છે

171. નાયબ નિયામક, મુદ્રણ (Printing) ની નીચે પૈકી કઈ ફરજ છે?

(A) આંતરિક ઓડિટ કરવું

(B) પ્રોવિડન્ટ ફંડના હિસાબ રાખવા

(C) નિયામકશ્રીને તાંત્રિક, પ્રિન્ટીંગ, ઉત્પાદકીય તથા વહીવટી બાબતોમાં સહાયક તરીકે માહિતગાર કરવા

(D) પ્રકાશનોના વેચાણ કરવા

172. મશીન ઓવરસીયરની કામગીરી શું છે?

(A) તે ક્ષતિરહિત વાંચન માટે જવાબદાર છે.

(B) તે છપાયેલા ફર્માઓના બાઈન્ડીંગ માટે જવાબદાર છે.

(C) તે છપાયેલા પ્રકાશનોના વેચાણ માટે જવાબદાર છે.

(D) તે મશીન શાખાનો ઈન્ચાર્જ છે અને મશીન ઉપર ગુણવત્તા સાથે ઉત્પાદકીય મુદ્રણ માટે જવાબદાર છે.

**173.** કોપી હોલ્ડરની કામગીરી શું છે?

(A) કોપી હોલ્ડરે રીડરને મેન્યુસ્ક્રીપ્ટ વાંચન માટે આપવાની છે.

(B) કોપી હોલ્ડર અંગ્રેજી, ગુજરાતી અને દેવનાગરી મેન્યુસ્ક્રીપ્ટ વાંચવા સક્ષમ હોવો જોઈએ નહીં

(C) કોપી હોલ્ડરે કોપી વાંચવાની તથા રીડર તરીકે કામ કરવાનું હોય છે.

(D) કોપી હોલ્ડરે ચિત્રો બનાવવાના હોય છે.

**174.** પ્રિન્ટીંગ પ્રેસના સ્ટોરની ચકાસણી કરવા માટે કોણ અધિકૃત છે?

(A) બાઈન્ડીંગ ફોરમેન

(B) મશીન ઓવરશીયર

(C) આસીસ્ટન્ટ મેનેજર

(D) રીડર

**175.** પ્રિન્ટીંગ પ્રેસના પેપર ગોડાઉનમાં આગ ન લાગે તે માટે જ્વલનશીલ પદાર્થો કેરોસીન, ઓઈલ કેવી રીતે રાખવામાં આવે છે?

(A) પેપર ગોડાઉનમાં પેપરના જથ્થાથી દૂર મૂકવામાં આવે છે.

(B) પેપર ગોડાઉનથી દૂર બીજા ગોડાઉનમાં અગ્નિશામક યન્ત્ર સાથે મૂકવામાં આવે છે.

(C) પેપર ગોડાઉનની દિવાલને અડીને બાજુના ગોડાઉનમાં રાખવામાં આવે છે.

(D) પેપર ગોડાઉનના માળીયામાં જુદા જુદા કેરબા ભરીને મૂકવામાં આવે છે.

**176.** પ્રેસના વાર્ષિક ખર્ચના અંદાજો કાઢવા તથા મુદ્રણના દરો નિયત કરવાના ખર્ચમાં શાનો સમાવેશ કરવામાં આવે છે?

(A) મુદ્રણ + બાઈન્ડીંગ + પ્રોસેસ ખર્ચ અને આવક

(B) બિલ્ડીંગ + એસેટ + મશીનરી + કામદારોના પગાર + મટીરીયલ્સ + વેરાઓ + વહીવટી બાબતના ખર્ચ અને આવક

(C) કામદારોને ચૂકવવામાં આવતો ખર્ચ તથા મટીરીયલ્સ માટેના ખર્ચ અને આવક

(D) ફક્ત બિલ્ડીંગ અને મશીનરી ખર્ચ

**177.** A-4 સાઈઝના 1200 પાનાની 100 બુકના છાપકામ કરવા માટે 24 ઈંચ × 34 ઈંચના કાગળનો ઉપયોગ કરવાથી કુલ કેટલા રીમ કાગળ વપરાશે? (એક રીમમાં 500 શીટ છે)

(A) 30 રીમ

(B) 15 રીમ

(C) 60 રીમ

(D) 120 રીમ

**178.** મુદ્રણ દરમ્યાન એક કિલો શાહીથી લાઈન 30,000 નકલ 24 ઈંચ × 34 ઈંચ ના સાઈઝના કાગળમાં છપાય છે. તો 60,00,000 નકલ છાપવા માટે કેટલી શાહીની જરૂરિયાત રહેશે?

(A) 40 કિલો

(B) 20 કિલો

(C) 2000 કિલો

(D) 200 કિલો

**179.** A-3 સાઈઝના 200 પાનાના એક પુસ્તકને સિલાઈ બાઈન્ડીંગ કરવા માટે 12 ઈંચ લાંબો દોરો વપરાય છે. પુસ્તકના પીઠમાં લેધર બાઈન્ડીંગ કરવાનું છે. તો 500 પુસ્તક તૈયાર કરવા માટે કેટલા ઈંચ દોરો વપરાશે?

(A) 12000 ઈંચ (B) 300 ઈંચ
(C) 6000 ઈંચ (D) 500 ઈંચ

**180.** એક ડેટા એન્ટ્રી ઓપરેટર 45 મિનિટમાં 210 એમએમ × 297 એમએમ સાઈઝમાં 10 પોઈન્ટ ફોન્ટનો ઉપયોગ કરીને એક પેજ તૈયાર કરે છે, તો 500 પેજની બુકની ડેટા એન્ટ્રી કરવા કેટલો સમય લાગશે?

(A) 18 દિવસ 18 કલાક (B) 15 દિવસ 15 કલાક
(C) 20 દિવસ 20 કલાક (D) 15 દિવસ 10 કલાક

**181.** મુદ્રણ ઉદ્યોગમાં ens યુનિટ/ટર્મ માપનો ઉપયોગ ક્યા વિભાગમાં થાય છે?

(A) કમ્પોઝીંગ (B) મુદ્રણ
(C) બાઈન્ડીંગ (D) ડીસ્પેચ

**182.** એક કાગળ જેની સાઈઝ 20 ઈંચ × 30 ઈંચ છે, જે ફોલ્ડીંગ મશીનમાં એક વખતમાં ચાર ફોલ્ડ થઈને બહાર આવે છે તો 20500 ફોલ્ડ માટે કેટલા કાગળ જરૂરી બનશે?

(A) 5000 (B) 5125
(C) 5105 (D) 6010

**183.** મેનેજમેન્ટના ભાગ રૂપે મુદ્રણાલયના મેનેજરની મુખ્ય ફરજોમાં શેનો સમાવેશ થાય છે?

(A) પ્રેસના તેઓ હેડ ઓફ ઓફિસ છે. પ્રેસના નિયંત્રણ, સુપરવીઝન ની કામગીરી અસરમરક રીતે કરીને કામગીરી કરાવવી.
(B) મુદ્રણાલયના પ્રિન્ટીંગ મશીન રીપેર કરવાં.
(C) પુસ્તકોની સિલાઈ બાઈન્ડીંગ કરવી.
(D) પ્રોસેસ વિભાગની પ્લેટો બનાવવી.

**184.** મદદનીશ વ્યવસ્થાપક કઈ કામગીરી કરવા માટે અધિકૃત નથી?

(A) કામદારની બઢતી, પાયરી ઉતાર અથવા રૂખસદ આપવાની કામગીરી
(B) મેનેજરના મદદનીશ તરીકેની કામગીરી કરવી
(C) પ્રેસની તમામ શાખાની કામગીરીનું નિરીક્ષણ કરવું.
(D) તમામ કામદારો ઉપર નિયંત્રણ રાખવું

**185.** આસીસ્ટન્ટ બાઈન્ડરની કામગીરી

(A) બાઈન્ડીંગ શાખાની દેખરેખ રાખવી

(B) બાઈન્ડરને પુસ્તક બંધાઈ માટે સિલાઈ, પરફોરેશન, નંબરીંગ વિગેરે કામમાં મદદરૂપ થવું.

(C) બાઈન્ડીંગ શાખા માટે મશીન ખરીદવા

(D) બાઈન્ડીંગ શાખા માટે રબ્બર સ્ટેમ્પ બનાવવા

**186.** મુદ્રણાલયના મશીનોને મુદ્રણ માટે ચાલુ કરતા પહેલા રોજબરોજ તેના ફરતા ગીયર અને કેમ તથા પાર્ટસની જાળવણી માટે શું કરવાનું હોય છે?

(A) ઓઈલીંગ તથા ગ્રીસીંગ

(B) પાણીથી ધોવાના

(C) કેમીકલ એસીડથી સાફ કરવાનું

(D) મશીન સીધું ચાલુ કરવાનું

**187.** ઓફસેટ પ્રિન્ટીંગ મશીનના ઈમ્પ્રેશન સિલિન્ડર ઉપર શાહીના થર જામી ગયા છે. તેને સાફ કરવા માટે શેનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) સલ્ફયુરિક એસીડ

(B) ફિનાઈલ

(C) કેરોસીન તથા પાણી ભેગું કરીને

(D) સાબુથી

**188.** મુદ્રણાલયના મુદ્દા તથા બાઈન્ડીંગ મશીનરીઓની આવરદા વધારવા, મશીનોના બ્રેક ડાઉન તથા તોડફોડ રોકવા માટે શું કરવાનું રહેશે?

(A) નિયમીત મુદ્રણ કરવું

(B) ખૂબ તેજ ગતિમાં મશીનો ચલાવવા

(C) તમામ મશીનોની સાફસફાઈ, નિયમીત ઓવરહોલીંગ, સર્વિસીંગ અને સાપ્તાહિક મેઈન્ટેનન્સ કરવું.

(D) મશીનની ફક્ત બોડીને સાફ કરવી

**189.** મુદ્રણ દરમ્યાન મશીનના કોઈ પાર્ટમાં સામાન્ય તિરાડ પડેલ છે તો શું કરવું?

(A) મશીન બંધ કરવું.

(B) મશીનનો તિરાડવાળો પાર્ટસ ત્વરિત બદલવો

(C) જોબ પુરું કરવા માટે મશીન ચાલું રાખવું.

(D) મશીનનો પાર્ટ તૂટ્યા પછી બદલવો

**190.** મુદ્રણના મશીનના પાર્ટસના નટ અને બોલ્ટ મિલિમીટરમાં છે. નટ અને બોલ્ટ બદલવા/ખોલવા માટે ક્યા એકમવાળા પાનાનો ઉપયોગ કરવામાં આપશે?

(A) ઈંચ

(B) સેન્ટીમીટર

(C) મિલિમીટર

(D) મિલિલિટર

191. પ્રોસેસ વિભાગના પ્લેટ એક્સોપીઝીંગ મશીનના ઈલેક્ટ્રીકલ પેનલ બોર્ડમાં ધૂળ ભરાઈ ગઈ છે. તો તેને સાફ કરવાની રીત બતાવો?

(A) પાણીથી સાફ કરવું
(B) એરબ્લોઅરથી સાફ કરવું.
(C) ઓઈલથી સાફ કરવું
(D) કેમીકલથી સાફ કરવું

192. પેસ્ટીંગ દરમ્યાન એસ્ટોલન્ટ સીટ પર સેલોટેપના ડાઘાને શાનાથી સાફ કરવામાં આવે છે?

(A) હાઈડ્રોક્લોરીક એસીડ
(B) સલ્ફ્યુરિક એસિડ
(C) કાર્બન ટેટ્રાક્લોરાઈડ
(D) પાણી

193. ઉત્પાદન વિભાગમાં કોઈપણ ઈલેક્ટ્રીકલ સંચાલિત મશીનની ઈલેક્ટ્રીકલ સ્વીચ, પંખો કે લાઈટની ઈલેક્ટ્રીકલ સ્વીચ ચાલુ કઈ રીતે કરશો?

(A) પાણીવાળી ભીની આંગળીથી સ્વીચ ચાલુ કરશો.
(B) ઓઈલવાળી આંગળીથી સ્વીચ ચાલુ કરશો
(C) લોખંડના સળીયાથી સ્વીચ ચાલુ કરશો
(D) સૂકી આંગળીથી સ્વિચ ચાલુ કરશો

194. મુદ્રણાલયના મુદ્રણ મશીનના કોઈ એક પાર્ટની નીડલ બેરીંગ તૂટી ગયેલ છે. કામ ખુબ જ તાકીદનું છે. વર્કશોપમાંથી કઈ બેરીંગ લગાડશો?

(A) બોલ બેરીંગ
(B) નીડલ બેરીંગ
(C) થ્રસ્ટ બેરીંગ
(D) ટુ વે બેરીંગ

195. ડેસ્ક ટોપ પબ્લીશીંગ વિભાગમાં તથા ડિજીટલ મુદ્રણ વિભાગમાં સિસ્ટમને ડસ્ટ પ્રુફ (પેપર તથા ધૂળ) થી રક્ષિત કરવા માટેના ઉપાય બતાવો?

(A) પાણીથી સિસ્ટમ સાફ કરવી
(B) એસીડીક કેમીકલ્સથી સિસ્ટમને સાફ કરવી
(C) સિસ્ટમમાંથી પેપર ડસ્ટ તથા ધૂળને એર બ્લોઅરથી સાફ કરીને બંધ કેબીનમાં રાખવા.
(D) ખુલી જગામાં સિસ્ટમને સાફ કરીને ખુલી જગામાં સિસ્ટમને રાખવા.

196. ઓફસેટ મુદ્રણના મશીનો દરરોજ મુદ્રણ પૂર્ણ થયા પછી મશીન બંધ કરતી વખતે નિયમીત ક્યા સિલિન્ડર સાફ કરવાના હોય છે?

(A) પ્લેટ સિલિન્ડર
(B) બ્લેન્કેટ સિલિન્ડર
(C) ઈમ્પ્રેશન સિલિન્ડર
(D) પ્લેટ, બ્લેન્કેટ અને ઈમ્પ્રેશન સિલિન્ડર

197. ઉત્પાદકીય મશીનોના મીકેનીકલ પાર્ટસ્ તૂટવાને લીધે બ્રેકડાઉન થયેલ છે. તો સદર મશીનના પાર્ટસને બદલવા માટે ક્યા સર્વિસ એન્જીનીયરને બોલાવશો?
(A) મિકેનીકલ એન્જીનીયર
(B) સોફ્ટવેર/હાર્ડવેર એન્જીનીયર
(C) કેમીકલ એન્જીનીયર
(D) ઈલેક્ટ્રીકલ એન્જીનીયર

198. મુદ્રણ ઉદ્યોગમાં પ્લેટ અને બ્લેન્કેટની જાડાઈ માપવા માટેનો એકમ શું છે?
(A) થાઉ
(B) કિલોમીટર
(C) કિલોલીટર
(D) કિલોગ્રામ

199. હાઈસ્પીડ વેબ ઓફસેટ પ્રિન્ટીંગ મશીનમાં સેન્ટ્રલાઈઝ ઓઈલ લુબ્રીકેશન પમ્પથી ઓઈલીંગ થાય છે. સેન્ટ્રલાઈઝ ઓઈલ લુબ્રીકેશન પમ્પ બંધ થઈ જાય છે. તો ઓઈલીંગ કઈ રીતે કરશો?
(A) ઓઈલકેન દ્વારા હાથથી
(B) સેન્ટ્રલ લુબ્રીકેશન ઓઈલીંગ વગર મશીન ચાલુ રાખવામાં આવશે.
(C) સેન્ટ્રલ લુબ્રીકેશન પમ્પ ત્વરિત રીપેર કરીને ઓઈલીંગ ચાલુ કરવામાં આવશે.
(D) મશીન બંધ કરી દેવામાં આવશે.

200. પ્રોસેસ પ્લેટ મેકીંગના એક્શનમાં પ્લેટો ધોવા માટે પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. સલામતી માટે ઈલેક્ટ્રીકલ સ્વિચો પાણીના નળથી દિવાલપર ક્યા રાખશો?
(A) દિવાલ પર પાણીના નળની બાજુમાં
(B) દિવાલ પર પાણીના નળથી ઉપર
(C) દિવાલ પર પાણીના નળથી નીચે
(D) દિવાલ પર પાણીના નળથી દૂર

201. ખાનગી કામના મુદ્રણ માટે હસ્તપ્રત પ્રેસમાં કેટલા કવરમાં મોકલવામાં આવે છે?
(A) સિંગલ કવર
(B) બેવડા કવર (સિંગલ કવરમાં બીજું કવર)
(C) પારદર્શક કવર
(D) વિન્ડો કવર

202. ખાનગી કામ માટેની હસ્તપ્રતનું લખાણ કેવું હોવું જોઈએ?
(A) ટાઈપ કરેલ-સુવાચ્ય અક્ષર
(B) અવાચ્ય અક્ષર
(C) છેકછાકવાળું
(D) ગડબડીયા અક્ષરવાળું

203. ખાનગી કામની હસ્તપ્રત કેવા પ્રકારની હોવી જોઈએ?
(A) ફાટેલી હસ્તપ્રત
(B) જૂની હસ્તપ્રત
(C) ડાઘાવાળી હસ્તપ્રત
(D) સાફ હસ્તપ્રત

204. ખાનગી પ્રકારના કામ માટે પ્રેસને pass (મેટર) મોકલવાની રીત જણાવો?
(A) ખુલ્લા કવરમાં મોકલવું
(B) સીલ કવરમાં મોકલવું
(C) રૂબરૂમાં ખુલ્લા કવર વગર આપવું
(D) રૂબરૂમાં કવર વગર આપવું

205. ખાનગી કામના હસ્તપ્રત ખાતાના જવાબદાર અધિકારી પ્રેસમાં છાપકામ માટે કોને આપશે?
(A) ચોકીદાર
(B) પટાવાળા
(C) પ્રેસના કોઈપણ કર્મચારીને
(D) મદદનીશ વ્યવસ્થાપકને

206. મુદ્રિત ખાનગી સાહિત્યની ડિલીવરી આપતી વખતે પ્રેસ આ સાહિત્ય ખાનગી કામ આપનાર ખાતાની કઇ વ્યક્તિને આપશે?
(A) ખાતાના ખાનગી કામે અધિકૃત જવાબદાર વ્યક્તિ/અધિકારીને આપશે.
(B) ખાતાના સિક્યોરીટી ગાર્ડને આપશે.
(C) ખાતાના ટપાલ સ્વીકારનાર કારકુનને આપશે.
(D) ખાતાના કાર ડ્રાઈવરને આપશે.

207. ખાનગી કામની હસ્તપ્રત સ્વીકારતી વખતે તેની બરાબર ચકાસણી કરીને પ્રેસની અધિકૃત વ્યક્તિએ સ્વિકૃતીની અધિકૃતતા સબબ ખાનગી કામ આપતા ખાતાની અધિકૃત વ્યક્તિને શું આપવાનું રહેશે?
(A) કાગળ
(B) પહોંચ
(C) પરબિડિયું
(D) લેટર હેડ

208. ખાનગી મુદ્રિત પ્રશ્નપત્રોની ડિલીવરી વખતે પ્રેસે તકેદારી રૂપે કયા પ્રકારે મુદ્રિત પ્રશ્નપત્રો આપવાના રહેશે?
(A) ખાતાના વાહનમાં
(B) સાદી ટપાલ પાર્સલ દ્વારા
(C) સીલ કર્યા સિવાયના પેકેટમાં
(D) સીલ કરેલ પેકેટમાં

209. ખાનગી કામના મુદ્રણ દરમ્યાન જે વિભાગમાં ખાનગી કામગીરી ચાલતી હોય ત્યાં ખાનગી કામે અધિકૃત કર્મચારી સિવાય, ખાનગી કામ આપનાર ખાતાના કર્મચારીને પ્રવેશ આપવા બાબતમાં ગુપ્તતા જળવાય તે માટે શું કરશો?
(A) તેઓને ખાનગી મુદ્રણ વિભાગમાં પ્રવેશ માટે પ્રતિબંધ મૂકવામાં આવશે.
(B) તેઓને ખાનગી મુદ્રણ વિભાગમાં પ્રવેશ આપવામાં આવશે.
(C) તેઓને ખાનગી વિભાગમાં કઇ કામગીરી ચાલુ છે તેની માહિતી આપવામાં આવશે.
(D) તેઓને ખાનગી મુદ્રિત સાહિત્ય વાંચન માટે આપવામાં આવશે.

**210.** ખાનગી કામ મુદ્રિત કરતી વખતે શું તકેદારી રાખવી જોઈએ?

(A) દરવાજા, બારી, શટરની ખાલી જગા/ખાંચને અંદરથી પેપર સીલ મારીને બંધ કરવું જોઈએ.

(B) દરવાજા, બારી, શટર ખુલ્લા રાખવા જોઈએ.

(C) દરવાજા, બારી, શટરને બંધ કરીને તેની જે ખાલી જગા/ખાંચ હોય તે હવા ઉજાસ માટે ખુલ્લા રહેવા દેવા જોઈએ.

(D) ફક્ત ખાનગી રૂમનો મુખ્ય પ્રવેશ દ્વાર બંધ કરવો જોઈએ.

**211.** ખાનગી મુદ્રણ કામ સબબ ખાનગી રૂમને બંધ કરતી વખતે, ખોલતી વખતે, તમામ ખુલ્લી જગ્યાને સીલ મારતી વખતે અને તમામ વ્યવસ્થાતંત્ર ચાલુ અને બંધ કામગીરી દરમ્યાન કોના દ્વારા નિરીક્ષણ કરાવવાનું હોય છે?

(A) ખાતાના જનસંપર્ક અધિકારી

(B) ખાતાના અધિક્ષક

(C) ખાતાના તાંત્રિક અધિકારી

(D) ખાતાના અધિકૃત પ્રેસ કંડક્ટર/ડિપાર્ટમેન્ટલ સુપરવાઈઝર, પ્રેસ મેનેજર અને પ્રેસના આસીસ્ટન્ટ મેનેજર

**212.** કોલેજના ખાનગી પ્રશ્નપત્રો કે જે પ્રેસમાં દરરોજ છપાય અને દરરોજ લઈ જવાય ત્યારે પ્રેસમાં ખાનગી કામ સાથે સંકળાયેલ કામદારને દરરોજ ક્યારે જવા દેવામાં આવે છે?

(A) પ્રશ્નપત્રો ખાતાના પ્રેસ કંડક્ટરને સોંપણી કર્યા પછી તરત કામદારને જવા દેવામાં આવે છે.

(B) ખાતાના પ્રેસ કંડક્ટર પ્રશ્નપત્રો પ્રેસમાંથી મેળવી, પ્રશ્નપત્રો પરીક્ષા ખંડમાં વિતરણ થઈ જાય ત્યાર પછી જ કામદારને જવા દેવામાં આવે છે.

(C) પ્રશ્નપત્રોના મુદ્રણ થઈ ગયા પછી તરત કામદારને જવા દેવામાં આવે છે.

(D) પ્રશ્નપત્રોમા મુદ્રણ કામ ચાલુ હોય ત્યારે કામદારને જવા દેવામાં આવે છે.

**213.** પ્રેસમાં ખાનગી કામ ચાલુ હોય ત્યારે કામદારને ક્યારેક વધુ સમય રોકાવું પડે કે ઓડ સમયમાં પણ કામ કરવું પડે છે ત્યારે કામદારને કયો લાભ આપવામાં આવે છે?

(A) ખાનગી ભથ્થું આપવામાં આવે છે.

(B) કોઈપણ લાભ આપવામાં આવતો નથી.

(C) કામદાર ક્યારે પણ આવી શકે અને જઈ શકે તેવો લાભ આપવામાં આવે છે.

(D) કામદારને વળતર રજા આપવામાં આવે છે.

**214.** ખાનગી કામ નિશ્ચિત સમયમાં પુરૂં કરવાનું હોય ત્યારે વીજ પુરવઠો બંધ ન થાય અને અવિરત ચાલુ રહે તે માટે પ્રેસના મેનેજરે આગોતરી જાણ કોને કરવાની હોય છે?

(A) પોલિસ સ્ટેશનને

(B) જાહેર બાંધકામ વિભાગની કચેરીને

(C) વિજપુરવઠો પૂરો પાડતા વિભાગ/કચેરીના અધિકારીને

(D) સ્થાનિક લાઇનમેનને

**215.** ખાનગી પ્રશ્નપત્રોનું છાપકામ પુરૂં થઇ ગયા પછી પ્રશ્નપત્રોના મુદ્રિત ખરાબ કાગળો તથા પ્રુફો કઇ રીતે નાશ કરવામાં આવે છે?

(A) વેસ્ટેજ પેપર ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવશે.

(B) મુદ્રણ શાખામાં જ્યાં છે ત્યાં જ રહેવા દેવામાં આવશે.

(C) ફાડીને ટુકડા કરવામાં આવશે.

(D) પ્રેસના અધિકારી, મેનેજર અને ખાતાના પ્રેસ કંડક્ટરની હાજરીમાં સળગાવીને પ્રમાણીત કરીને નારા કરવામાં આવશે.

**216.** મુદ્રણ, લેખનસામગ્રી અને પ્રકાશન નિયામકની કચેરીની રચના કયા વર્ષમાં કરવામાં આવી હતી?

(A) 1948 (B) 1960

(C) 1950 (D) 1962

**217.** સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી નીચેનામાંથી કયા પ્રકારનું ખાતું છે?

(A) સામાન્ય ખાતું (B) વહિવટી ખાતું

(C) સેવા ખાતું (D) પ્રજાલક્ષી યોજના ખાતું

**218.** નીચેનામાંથી કયા સરકારી પ્રેસ ખાતે લેખનસામગ્રી સ્ટોર નથી?

(A) વડોદરા (B) રાજકોટ

(C) ભાવનગર (D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહીં.

**219.** સરકારી મુદ્રણ અને લેખનસામગ્રીના બજેટ (અંદાજે), સુધારેલ અંદાજે, નવી બાબતો અંગેની દરખાસ્તો ઉપર કોની સહી/મંજૂરી હોવી જોઇએ?

(A) હિસાબી અધિકારી (B) ઓડિટ અધિકારી

(C) હિસાબનીશ (D) નિયામક

220. ગુજરાત સરકારના ગેઝેટનું લવાજમ નીચેનામાંથી કયા સ્થળે સ્વીકારવામાં આવતું નથી?
(A) સરકારી બુક ડેપો, અમદાવાદ
(B) સરકારી પ્રેસ અને લેખન સામગ્રી, વડોદરા
(C) સરકારી પ્રેસ અને લેખનસામગ્રી, રાજકોટ
(D) સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

221. સરકારી બુક ડેપો નીચેનામાંથી કયા શહેરમાં નથી?
(A) ગાંધીનગર
(B) અમદાવાદ
(C) વડોદરા
(D) રાજકોટ

222. પુસ્તક પ્રકાશન કરતી વખતે કોઈપણ શાબ્દિક મુદ્રણ દોષ ન રહે તે માટે વાંચન કરીને ભૂલ કાઢવાની ક્રિયાને શું કહેવાય?
(A) કોરિયોગ્રાફી
(B) ફોટોગ્રાફી
(C) વિડીયોગ્રાફી
(D) પ્રુફરીડીંગ

223. સરકારી કચેરીઓને લેખનસામગ્રી વિના મૂલ્યે મેળવવા માટે મુદ્રણ અને લેખનસામગ્રી નિયમસંગ્રહના કયા પરિશિષ્ટમાં સમાવેશ કરવો જરૂરી છે?
(A) પરિશિષ્ટ-3
(B) પરિશિષ્ટ-4
(C) પરિશિષ્ટ-13
(D) પરિશિષ્ટ-11

224. ગુજરાત સરકારનું ગેઝેટ ક્યારે પ્રસિદ્ધ કરવામાં આવે છે?
(A) દરરોજ
(B) દર અઠવાડિયે
(C) દર પખવાડિયે
(D) દર મહિને

225. રદ્દી કાગળના વર્ગીકરણના પ્રકાર જણાવો?
(A) પીળો કાગળ, લાલ કાગળ, ભૂરો કાગળ
(B) બ્લોટીંગ પેપર, ટીશ્યું પેપર, ક્રાફ્ટ પેપર
(C) લેઝર પેપર, કોટેડ પેપર, ગમ પેપર
(D) પ્રકાર ક, પ્રકાર ખ, પ્રકાર ગ

226. ઓફસેટ પ્રિન્ટીંગ મશીન ઉપર કામ કરતા કામદારનો ચાલુ મશીને હાથ આવી જાય છે. તેને ગંભીર ઈજા થાય છે, તો કયા એક્ટ હેઠળ તેને વળતર મળવાપાત્ર છે?
(A) લેબર ડિસ્પ્યુટ એક્ટ
(B) ક્રિમીનલ પ્રોસીઝર કોડ
(C) ધી વર્કસમેન કોમ્પનસેશન એક્ટ, 1923
(D) આરબીટ્રેશન એક્ટ

227. ગુજરાત સરકારના ગેઝેટ માટેના લવાજમના દર કોની મંજુરીથી નિયત કરવામાં આવે છે?

(A) સચિવશ્રી (B) કમિશ્નરશ્રી

(C) નિયામકશ્રી (D) વ્યવસ્થાપકશ્રી

228. સરકારી બુક ડેપો, ભદ્ર, અમદાવાદ કયા વર્ષમાં શરૂ કરવામાં આવ્યો હતો?

(A) વર્ષ 1948 (B) વર્ષ 1959

(C) વર્ષ 1960 (D) વર્ષ 1961

229. પ્રેસમાં કામ કરતા કામદારો માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ કયા એક્ટ હેઠળ કરવામાં આવે છે?

(A) ફેક્ટરી એક્ટ 1948

(B) ધી વર્કસમેન કોમ્પેનશેસન એક્ટ, 1923

(C) એમ્પલોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એક્ટ, 1948

(D) ઉપરના ત્રણમાંથી એક પણ નહીં

230. સરકારી પ્રેસના કર્મચારીઓને વર્ષ દરમ્યાન કેટલા દિવસની પરચૂરણ રજા મળવાપાત્ર છે?

(A) 12 (B) 30

(C) 15 (D) 24

231. ગુજરાત રાજ્ય ખરીદનીતિ, 2016 કયા વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે?

(A) સામાન્ય વહીવટ વિભાગ (B) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ

(C) નાણા વિભાગ (D) ઉદ્યોગ અને ખાણ વિભાગ

232. QCI એટલે?

(A) ક્વોલીટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (B) ક્વોલીટી કંટ્રોલ ઓફ ઈન્ડિયા

(C) ક્વોલીટી કાઉન્સિલ ઈન ઈન્ડિયા (D) ક્વોલીટી કન્ટ્રોલ ઈન્સ્પેક્શન

233. રૂપિયા 25 લાખથી વધુ પરંતુ 50 લાખ સુધી ટેન્ડર ફીની રકમ કેટલી નિયત થયેલ છે?

(A) રૂપિયા 1500 (B) રૂપિયા 2000

(C) રૂપિયા 2500 (D) રૂપિયા 5000

234. ટેન્ડરની અર્નેસ્ટ મની ડિપોઝીટ ટેન્ડર વેલ્યુના કેટલા ટકા નિયત થયેલ છે?

(A) 2% (B) 3%

(C) 3.25% (D) 3.50%

235. ખરીદ નીતિ મુજબ ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડિપોઝીટ ભરવામાંથી મુક્તિ મેળવતા હોય તેવા એકમો અને સંસ્થાને કેટલા ટકા સિક્યોરીટી ડિપોઝીટ ભરવાની થાય છે?

(A) 1% (B) 2%

(C) 3% (D) ઉપર પૈકી એકપણ નહીં

236. રૂપિયા એક કરોડથી વધુ મૂલ્યના ટેન્ડરની ટેન્ડર ફીની રકમ કેટલી નિયત થયેલ છે?

(A) રૂ.5,000/- (B) રૂ.7,500/-

(C) રૂ.10,000/- (D) રૂ.15,000/-

237. રાજ્યના કુટિર, અતિ નાના અને લઘુ ઉદ્યોગોને રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે કેટલા ટકા ભાવ પસંદગીનો લાભ મળવા પાત્ર છે?

(A) 8% (B) 10%

(C) 12% (D) 14%

238. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ, 2016 ના પરિશિષ્ટ-ક માં કેટલી ચીજ વસ્તુઓ આરક્ષિત કરવામાં આવેલ છે?

(A) 118 (B) 145

(C) 174 (D) 162

239. રાજ્યના કુટિર ઉદ્યોગો માટે આરક્ષિત ચીજ વસ્તુઓનો ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-2016 ના કયા પરિશિષ્ટમાં સમાવેશ થાય છે?

(A) પરિશિષ્ટ-ક (B) પરિશિષ્ટ-ખ

(C) પરિશિષ્ટ-ગ (D) પરિશિષ્ટ-ઘ

240. ઉદ્યોગ કમિશ્નર અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારી દ્વારા નિયત થયેલ વાર્ષિક ભાવ કરાર હેઠળ ખાતાના વડાની કચેરી કેટલી ખરીદી કરી શકે છે,

(A) રૂપિયા એક લાખ થી વધુ અને એક કરોડ સુધીની

(B) રૂપિયા પચાસ લાખથી વધુ અને એક કરોડ સુધીની

(C) રૂપિયા બે કરોડ સુધીની

(D) ઉપરોક્ત તમામ

241. ડીપાર્ટમેન્ટલ પરચેઝ કમીટીને સામાન્ય ખરીદીની સત્તા મર્યાદા કેટલી છે?

(A) રૂ.75 લાખ સુધી (B) રૂ.90 લાખ સુધી

(C) રૂ.એક કરોડ સુધી (D) રૂ. બે કરોડ સુધી

**242.** સેક્રેટરી ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટીને ઇમરજન્સી ખરીદીની મંજૂરી આપવાની સત્તા મર્યાદા કેટલી છે?

(A) રૂ.15 લાખ સુધી.
(B) રૂ.10 લાખ સુધી.
(C) રૂ.20 લાખ સુધી.
(D) આવી કોઇ સત્તા નથી.

**243.** ઇમરજન્સી ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયાનો (પ્રોસીજર) સમયગાળો ઓછામાં ઓછો કેટલા દિવસનો હોવો જોઇએ?

(A) 3 દિવસ
(B) 5 દિવસ
(C) 7 દિવસ
(D) ઉપર પૈકી એકપણ નહીં.

**244.** ઓરીજનલ ટેન્ડર સ્વીકૃત પત્રથી ખરીદવા માટે આપવામાં આવેલ ઓર્ડરના કેટલા ટકા જથ્થા સુધી રીપીટ ઓર્ડર આપી ખરીદી કરી શકાય?

(A) 10%
(B) 25%
(C) 40%
(D) 50%

**245.** વિના ટેન્ડરે ખરીદ કરવામાં નિયત થયેલ સરકારી સંસ્થા કઇ છે?

(A) ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમીટેડ
(B) અંધજન માટેની સંસ્થાઓ
(C) વિકલાંગો માટેની સંસ્થાઓ
(D) ઉપર પૈકી કોઇ નહીં.

**246.** લઘુતમ વેતન અધિનિયમ, 1948 અન્વયે ''વેતન''ની વ્યાખ્યામાં શેનો સમાવેશ થાય છે?

(A) ઘરભાડા ભથ્થું
(B) મૂળ પગાર
(C) મોંઘવારી ભથ્થું
(D) મુસાફરી ભથ્થું

**247.** લઘુતમ વેતનના દરોમાં કેટલા વર્ષે ફેરવિચારણા કરવાની જોગવાઇ લઘુતમ વેતન અધિનિયમ, 1948 હેઠળ કરવામાં આવે છે?

(A) દર વર્ષે
(B) દર બે વર્ષે
(C) દર ત્રણ વર્ષે
(D) દર પાંચ વર્ષે

**248.** લઘુતમ વેતન અધિનિયમ, 1948 હેઠળ કરાવેલ લઘુતમ વેતન કરતાં ઓછું વેતન ચૂકવવામાં આવતું હોય તેવા પ્રસંગે વધુમાં વધુ કેટલું વળતર ચૂકવવાનો હુકમ થઇ શકે?

(A) બે ગણું
(B) પાંચ ગણું
(C) દસ ગણું
(D) સાત ગણું

249. લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ઠરાવેલ વેતન કરતાં ઓછું વેતન ચૂકવાતું હોય તો, આ બાબતે કઈ અદાલતમાં દાવો કરી શકાય?
(A) ઔદ્યોગિક અદાલત
(B) મજૂર અદાલત
(C) વડી અદાલત
(D) ગ્રાહક સુરક્ષા અદાલત

250. લઘુતમ વેતન અધિનિયમ 1948 અન્વયે ''લઘુતમ વેતન રાજ્ય સલાહકાર બોર્ડ'' ની નિમણૂક કોણ કરે છે?
(A) કેન્દ્ર સરકાર
(B) રાજ્ય સરકાર
(C) નિયામકશ્રી શ્રમ
(D) નામદાર રાજ્યપાલશ્રી

251. લીવીંગ વેઈજીસ-ફોર વર્કર્સ, એગ્રીકલ્ચર વર્કર્સ, ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સની જોગવાઈ ભારતના બંધારણ હેઠળ કયા અનુચ્છેદમાં કરવામાં આવેલ છે?
(A) અનુચ્છેદ-14
(B) અનુચ્છેદ-43
(C) અનુચ્છેદ-42
(D) અનુચ્છેદ-19

252. લઘુતમ વેતન અધિનિયમ, 1948 ની જોગવાઈના ભંગ અંગેના ફોજદારી કેસો કઈ અદાલતમાં દાખલ કરવામાં આવે છે?
(A) મજૂર અદાલત
(B) ઔદ્યોગિક અદાલત
(C) ઔદ્યોગિક ન્યાયપંચ
(D) જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ કોર્ટ

253. લઘુતમ વેતન અધિનિયમ 1948 માં કોણ સુધારો કરી શકે છે?
(A) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર
(B) વડાપ્રધાન
(C) રાજ્ય સરકાર
(D) કેન્દ્ર સરકાર

254. લઘુત્તમ વેતન અધિનિયમ 1948 હેઠળ કોઈપણ અનુસૂચિત રોજગારીના વેતન ઠરાવવા માટે આવી રોજગારીમાં ઓછામાં ઓછા કેટલા કામદારો કામે રાખેલ હોવા જોઈએ?
(A) 1000
(B) 5000
(C) 500
(D) 450

255. લઘુતમ વેતન અધિનિયમ, 1948 ની પ્રસ્તાવના જણાવે છે કે
(A) કામદારોને લઘુતમ વેતન મળવું જોઈએ
(B) ચોક્કસ નોકરીમાં લઘુતમ વેતનના દર નક્કી કરવા જરૂરી છે.
(C) કામદારોને મોંઘવારી વધવા સાથે લઘુતમ વેતન આપવું જોઈએ
(D) કામદાર માંગણી કરે ત્યારે લઘુતમ વેતન આપવાની જોગવાઈ કરવી જોઈએ.

**256.** લઘુતમ વેતન અધિનિયમ, 1948 હેઠળ આ કાયદો કોને લાગુ પડે છે?
(A) કારખાના અધિનિયમ 1948 હેઠળ નોંધાયેલ તમામ કારખાનાઓને
(B) સરકારે જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરેલ સંસ્થાઓને
(C) દરેક ઉદ્યોગોને
(D) માલિક પોતે લાગુ પાડી શકે

**257.** લઘુતમ વેતન અધિનિયમ, 1948 અમલમાં હોય તે સંસ્થામાં કામના કલાક કોણ નક્કી કરશે?
(A) માલિક
(B) કામદારનું યુનિયન
(C) સમુચિત સરકાર
(D) માલિક અને કામદારોના સમાધાન કરારથી

**258.** લઘુતમ વેતન અધિનિયમ, 1948 હેઠળ સત્તાધિકારીઓની નિમણૂક કરાય છે.
(A) સમુચિત સરકાર દ્વારા
(B) જાહેર ખબર દ્વારા
(C) નામદાર રાજ્યપાલશ્રી દ્વારા
(D) વડી અદાલત દ્વારા

**259.** લઘુત્તમ વેતન અધિનિયમ, 1948 હેઠળ લઘુતમ વેતન કે અન્ય રકમ ચૂકવવાપાત્ર થતાં તે અંગેની અરજી કેટલા સમયમાં કરવાની?
(A) 1 માસમાં
(B) 6 માસમાં
(C) 1 વર્ષમાં
(D) ગમે ત્યારે થઈ શકે

**260.** લઘુતમ વેતન અધિનિયમ, 1948 હેઠળ લઘુતમ વેતનની તકરાર હોય ત્યારે સત્તાધિકારી સમક્ષ તે તકરારની અરજી કોણ કરી શકે?
(1) કર્મચારી પોતે
(2) કોઈપણ વ્યક્તિ
(3) આ કાયદા હેઠળ નિમાયેલ નિરીક્ષક
(4) માલિક પોતે

(A) (1) અને (2)
(B) (1) અને (3)
(C) (2) અને (3)
(D) (3) અને (4)

**261.** પ્રોવીડન્ટ ફંડ અધિનિયમ, 1952 કેટલાથી વધારે વ્યક્તિઓને નોકરીમાં હોય તેવી દરેક સંસ્થાઓને લાગુ પડે છે?
(A) 20
(B) 50
(C) 100
(D) 200

**262.** પ્રોવીડન્ટ ફંડ અધિનિયમ, 1952 અન્વયે તાજેતરમાં થયેલ સુધારા મુજબ માસિક કેટલું વેતન મેળવતા કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા છે?

(A) રૂા. 9,000/-
(B) રૂા. 12,000/-
(C) રૂા. 21,000/-
(D) રૂા. 15,000/-

**263.** પ્રોવીડન્ટ ફંડ અધિનિયમ, 1952 અન્વયે "સ્ટેટ બોર્ડ" કોણ નીમી શકે?

(A) રાજ્ય સરકાર
(B) ઉચીત સરકાર
(C) કેન્દ્ર સરકાર
(D) સેન્ટ્રલ બોર્ડ

**264.** માલિકો પાસેથી લેણી નીકળતી પ્રોવીડન્ટ ફંડની રકમ બાબતે તપાસ પ્રોવીડન્ટ ફંડ અધિનિયમ 1952 ની કઈ કલમની જોગવાઈ હેઠળ કરી શકાય?

(A) કલમ - 7 એ
(B) કલમ - 9
(C) કલમ - 6 ડી
(D) કલમ - 8

**265.** પ્રોવીડન્ટ ફંડ અધિનિયમ, 1952 હેઠળ પ્રોવીડન્ટ ફંડની કપાત પેટે વેતનના કેટલા ટકા કપાત કર્મચારીના પગારમાંથી કાપવામાં આવે છે?

(A) 10%
(B) 12%
(C) 8.33%
(D) 15%

**266.** ધી પ્રોવીડન્ટ ફંડ અધિનિયમ, 1952 અન્વયે એમ્પલોયીઝ પેન્શન યોજનામાં કર્મચારીઓના વેતનના કેટલા ટકા ફાળો માલિક આપે છે?

(A) 10%
(B) 8.33%
(C) 3.67%
(D) 12%

**267.** ધી પ્રોવીડન્ટ ફંડ એક્ટ, 1952 નો અમલ રાજ્યમાં કોણ કરાવે છે?

(A) રીજીયોનલ પ્રોવીડન્ટ ફન્ડ કમિશ્નર
(B) નિયામકશ્રી (શ્રમ)
(C) વેલ્ફેર કમિશ્નરશ્રી
(D) રીજીયોનલ લેબર કમિશ્નર

**268.** ધી પ્રોવીડન્ટ ફંડ એક્ટ, 1952 હેઠળ વિવિધ સ્કીમો ઘડાયેલી છે.

(1) જીવન વીમો
(2) પેન્શન
(3) ડીપોઝીટ લીન્ક વીમા ફંડ
(4) ગ્રેજ્યુઈટી

(A) (1) અને (2)
(B) (2) અને (3)
(C) (1) અને (3)
(D) (3) અને (4)

**269.** ધી પ્રોવીડન્ટ ફંડ અધિનિયમ, 1952 માં જણાવેલ "યોગ્ય સરકાર" એટલે

(1) યોગ્ય લાગે તેવી કોઈ સરકાર

(2) કેન્દ્ર સરકાર

(3) રાજ્ય સરકાર

(4) નિરીક્ષક જણાવે તે

(A) (1) અને (2)
(B) (2) અને (3)
(C) (3) અને (4)
(D) (1) અને (4)

**270.** ધી પ્રોવીડન્ટ ફંડ એક્ટ, 1952 હેઠળ અધિકારીઓની નિમણૂક કોણ કરી શકે?

(A) કેન્દ્રીય પ્રોવીડન્ટ ફંડ કમિશ્નર
(B) કેન્દ્ર સરકાર
(C) યોગ્ય સરકાર
(D) માનનીય રાષ્ટ્રપતિ

**271.** ધી પ્રોવીડન્ટ ફંડ એક્ટ, 1952 મુજબ માલિક પાસેના લેણાના નાણાંની રકમ નક્કી કરવાની કાર્યરીતિ

(A) કેન્દ્રીય પ્રોવીડન્ટ ફંડ કમિશ્નર અને તેના તાબાના અધિકારીઓ હુકમ કરીને નક્કી કરશે

(B) કેન્દ્રીય બોર્ડ રકમ નક્કી કરશે

(C) જે તે રાજ્ય બોર્ડ રકમ નક્કી કરશે

(D) પ્રોવીડન્ટ ફંડ ટ્રિબ્યુનલ રકમ નક્કી કરશે

**272.** ધી પ્રોવીડન્ટ ફંડ એક્ટ, 1952 હેઠળના નિયમો કરતા કોઈ સંસ્થાના પોતાના નિયમો વધુ લાભદારી હોય તો તે સંસ્થાને મુક્તિ આપવાની સત્તા કોને છે?

(A) યોગ્ય સરકારને

(B) કેન્દ્ર સરકારને

(C) કેન્દ્રિય બોર્ડ સાથે વિચાર વિનિમય કરીને યોગ્ય સરકારને

(D) નામદાર રાજ્યપાલશ્રીને

**273.** ધી પ્રોવીડન્ટ ફંડ એક્ટ, 1952 હેઠળ માલિક પાસેથી લેણાની વસુલાત કઈ રીતે કરી શકાય?

(A) ઉદ્યોગ/કારખાનાની મિલ્કત વેચીને

(B) કેન્દ્રિય પ્રોવિડન્ટ ફંડ કમિશનરશ્રી અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ અધિકારી જમીન મહેસુલ બાકી તરીકે

(C) જે તે જિલ્લાના કલેક્ટરશ્રી

(D) જાહેર હરાજીથી

**274.** ધી પ્રોવીડન્ટ ફંડ એક્ટ, 1952 હેઠળની સંસ્થાના તમામ ખાતા અને શાખાઓનો (Branches) સમાવેશ

(A) જુદી જુદી સંસ્થા તરીકે થશે

(B) જુદી જુદી સંસ્થા એક થવાની તૈયારી કરશે

(C) એકજ સંસ્થાના ભાગો ગણાશે

(D) પ્રોવીડન્ટ ફંડ કમિશનરશ્રી જણાવે તેમ થશે

**275.** ધી પ્રોવીડન્ટ ફંડ એક્ટ 1952 ની જોગવાઈઓ મુજબ સંસ્થાના માલિક સમગ્ર સંસ્થા કે તેનો ભાગ કોઈપણ રીતે તબદીલ કરે તેવા કિસ્સામાં મૂળ માલિક પાસે નીકળતા લેણા માટે કોણ જવાબદાર છે?

(A) નવો માલિક

(B) જૂનો માલિક

(C) લેણા જતા કરવા પડશે

(D) બંને માલિકો સંયુક્ત અને પૃથક રીતે જવાબદાર છે.

**276.** કામદાર રાજ્ય વીમા યોજના અધિનિયમ, 1948 મુજબ શ્રમયોગીએ તેના ફાળાની કેટલી રકમ ભરવી જરૂરી છે?

(A) 8.33%　　(B) 7%

(C) 1.75%　　(D) 3%

**277.** કામદાર રાજ્ય વીમા યોજના અધિનિયમ, 1948 હેઠળ માલિકોએ કામદારના વેતનના કેટલા ટકા ફાળો ભરવો જરૂરી છે?

(A) 6.50%　　(B) 4.75%

(C) 5.25%　　(D) 3.25%

**278.** કામદાર રાજ્ય વીમા યોજના અધિનિયમ 1948 સંદર્ભે નીચે પૈકી કયું વિધાન સાચું છે?

(A) આ અધિનિયમ સમગ્ર રાજ્યમાં આવેલા કારખાનાઓને લાગુ પડે છે.

(B) આ અધિનિયમ ભારત સરકાર નોટીફાય કરે તે વિસ્તારમાં આવેલા કારખાનાંઓને લાગુ પડે છે.

(C) આ અધિનિયમ રાજ્ય સરકાર ઠરાવે તે કારખાનાંઓને લાગુ પડે છે.

(D) આ અધિનિયમ રાજ્યમાં લાગુ પડતો નથી.

**279.** કામદાર રાજ્ય વીમા યોજના અધિનિયમ 1948 ની જોગવાઈઓનો અમલ રાજ્યમાં કયુ તંત્ર કરાવે છે?

(A) રીજીયોનલ લેબર કમિશ્નર તંત્ર

(B) વિમા નિયામકશ્રી તંત્ર

(C) રીજીયોનલ કમિશ્નરશ્રી, ઈએસઆઈ (ESI) તંત્ર

(D) નિયામકશ્રી સોશ્યલ વેલ્ફેર તંત્ર

**280.** કામદાર રાજ્ય વિમા યોજના અધિનિયમ, 1948 સંદર્ભે નીચે પૈકી કયું વિધાન સાચું છે?

(A) કારખાનામાં કામ કરતા શ્રમયોગી તથા તેના કુટુંબનું આરોગ્ય તથા વીમા કવચ પુરું પાડે છે.

(B) આ અધિનિયમ "એમ્પલોયઝ લાયેબીલીટી એક્ટ" તરીકે ઓળખાય છે.

(C) કામદાર વળતર ધારો, 1923 જે સંસ્થાઓને લાગુ પડે છે તેને પણ આ અધિનિયમ લાગુ પડે છે.

(D) કામદાર રાજ્ય વિમા અધિનિયમ, 1948 રાજ્ય સરકારનો કાયદો છે.

**281.** કામદાર રાજ્ય વિમા યોજના અધિનિયમ 1948 ની જોગવાઈઓ મુજબ કારખાનાના અથવા સંસ્થાઓના કયા કર્મચારીઓને આવરી લેવાય છે?

(A) પુખ્ત વયના કર્મચારીઓને
(B) તમામ કર્મચારીઓને
(C) સંમતિ આપે તે કર્મચારીને
(D) માલિક પસંદ કરે તે કર્મચારીને

**282.** કર્મચારી રાજ્ય વીમા યોજના અધિનિયમ 1948 હેઠળ માંદગીના કે પ્રસુતિના લાભ મેળવનાર વ્યક્તિને આવા લાભ મળતા હોય ત્યારે નોકરીમાંથી છૂટા કે બરતરફ કરતી નોટીસ આપી શકાય?

(A) જો તે વ્યક્તિએ ગંભીર શિસ્તભંગ/ગેરવર્તણૂંક કરી હોય તો આપી શકાય

(B) કર્મચારી પોતે આવી નોટીસ સ્વીકારી લે તો

(C) આવી નોટીસ કાયદેસરની ગણાશે નહીં અને અમલમાં લાવી શકાશે નહીં.

(D) કોર્પોરેશન આપી શકશે.

**283.** કર્મચારી રાજ્ય વિમા યોજના અધિનિયમ 1948 ની જોગવાઈઓ મુજબ ફાળો નહીં ભરનાર સામેના શિક્ષાપાત્ર ગુનાઓ

(1) કાયદા મુજબનો ભરવાપાત્ર ફાળો નહીં ભરવો તે

(2) કોર્પોરેશન જણાવે તે રકમ નહીં ભરવી તે

(3) લાભ મેળવનાર કર્મચારીને નોકરીમાંથી છૂટો કરવો, બરતરફ કરવો કે તેને શિક્ષા કરવી

(4) મળવાપાત્ર લાભો નહીં લેવા

(A) (1) અને (2)
(B) (1) અને (3)
(C) (2) અને (3)
(D) (1) અને (4)

**284.** કર્મચારી રાજ્ય વિમા યોજના અધિનિયમ 1948 હેઠળ રચાયેલ કોર્ટના હુકમ વિરુદ્ધ

(1) અપીલ થઈ શકશે નહીં

(2) ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં અપીલ દાખલ થઈ શકશે.

(3) આવા હુકમમાં કાયદાનો કોઈ મહત્વનો પ્રશ્ન સંકળાયેલ હોય તો વડી અદાલતમાં થઈ શકશે.

(4) જે તે વિસ્તારની ફોજદારી કોર્ટમાં થઈ શકશે.

(A) (1) અને (3) (B) (1) અને (2)

(C) (2) અને (3) (D) (3) અને (4)

**285.** કર્મચારી રાજ્ય વિમા યોજના અધિનિયમ 1948 હેઠળ રચાયેલ કર્મચારી ઈન્સ્યોરન્સ કોર્ટને કાર્યવાહી કરવાની સત્તા

(1) આ કાયદા મુજબ કોઈ વ્યક્તિ 'કર્મચારી' છે કે નહીં તે નક્કી કરવાનું

(2) કર્મચારી અને માલિક આ કાયદાનો અમલ કરે છે કે નહીં તે જોવાનું

(3) કોઈપણ કર્મચારીની બાબતમાં મુખ્ય માલિકે ભરવાપાત્ર ફાળો નક્કી કરવાનો

(4) સરકાર જણાવશે તે

(A) (1) અને (2) (B) (2) અને (3)

(C) (1) અને (3) (D) (3) અને (4)

**286.** કર્મચારી રાજ્ય વિમા યોજના અધિનિયમ 1948 ની જોગવાઈઓ મુજબ ''સમુચિત સરકાર'' કોઈ કારખાનાને કે સંસ્થાને આ કાયદાના અમલમાંથી મુક્તિ આપી શકશે?

(A) જો આવા કારખાનામાં કર્મચારીઓની સંખ્યા ઓછી થાય તો

(B) કારખાનાની ઉત્પાદન પ્રક્રિયા બંધ થાય તો

(C) જો આવા કારખાના કે સંસ્થાના કર્મચારીઓને આ કાયદા મુજબના કે તેનાથી વધારાના લાભો મળતા હોય તો

(D) માલિક મુક્તિ જાહેર કરે તો

**287.** કર્મચારી રાજ્ય વિમા યોજના અધિનિયમ 1948 હેઠળની કારોબારી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ના અધિકારોમાં

(A) આ કાયદાનો સંપૂર્ણ રીતે પાલનનો સમાવેશ થાય છે.

(B) આ કાયદામાં સંપૂર્ણરીતે અમલ કરાવવાનો સમાવેશ થાય છે.

(C) કોર્પોરેશનની તમામ બાબતના વહીવટનો સમાવેશ થાય છે.

(D) કોર્પોરેશનનો ફાળો એકત્ર કરવાનો સમાવેશ થાય છે.

**288.** સચિવાલયમાં કુલ કેટલા વિભાગો છે?

(A) 24 (B) 22

(C) 25 (D) 26

**289.** રાજ્યનું સામાન્ય વહીવટ વિભાગ કેટલા પેટા વિભાગોમાં વહેંચાયેલું છે?
(A) ત્રણ
(B) પાંચ
(C) બે
(D) ચાર

**290.** સામાન્ય વહીવટ વિભાગ હેઠળનો વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાવ કઈ સંસ્થા મારફત તાલીમ કાર્યક્રમનું આયોજન કરે છે?
(A) સરદાર પટેલ તાલીમ ઈન્સ્ટીટ્યુટ
(B) સરદાર પટેલ જાહેર વહીવટ નામીય સંસ્થા
(C) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા
(D) મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન

**291.** સચિવાલય કક્ષાએ નીચેના પૈકી કઈ કામગીરી થતી નથી?
(A) નવી નીતિ ઘડવી
(B) નીતિનો અમલ કરવો
(C) નીતિ ઘડવા સલાહ સૂચનો મેળવવા
(D) નીતિના અમલમાં ખામી હોયતો માર્ગદર્શન આપવું

**292.** જિલ્લાના વહીવટી વડા કોણ છે.
(A) જિલ્લા વિકાસ અધિકારી
(B) જિલ્લા ન્યાયાધિશ
(C) જિલ્લા કલેક્ટર
(D) જિલ્લા પંચાયતના પ્રમુખ

**293.** ખાતાના વડાની મુખ્ય જવાબદારી કઈ છે?
(A) ખાતાને ફાળવેલ નાણાકીય લક્ષ્યાંકો સિધ્ધ કરવા
(B) ખાતાને ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો સિધ્ધ કરવા
(C) ખાતાને ફાળવેલ વૈધાનિક જવાબદારી પૂર્ણ કરવી
(D) (A) (B) અને (C)

**294.** સચિવાલયમાં નાયબ સચિવના નિયંત્રણ હેઠળ કેટલી શાખાઓ હોય છે?
(A) 2
(B) 3
(C) 4
(D) વખતોવખત વિભાગના સચિવશ્રી નક્કી કરે તેટલી

**295.** સચિવાલય તથા ક્ષેત્રિય કર્મચારીઓ વચ્ચેના આંતર સંબંધો સુધારવાના પગલામાં શાનો સમાવેશ થતો નથી.
(A) સત્તાની વહેંચણી
(B) સવલત્તોની વહેંચણી
(C) વૈચારિક ભિન્નતા
(D) બઢતી

**296.** જિલ્લા પોલિસ અધિકારી એ ગુજરાતના કયા વિભાગ હેઠળ કામગીરી બજાવે છે?

(A) ગૃહ વિભાગ

(B) કાયદા વિભાગ

(C) સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગ

(D) મહેસૂલ વિભાગ

**297.** જિલ્લા કલેક્ટર એ ગુજરાતના કયા વિભાગ હેઠળ કામગીરી બજાવે છે?

(A) કાયદા વિભાગ

(B) સામાન્ય વહીવટ વિભાગ

(C) નાણા વિભાગ

(D) મહેસૂલ વિભાગ

**298.** નાગરિકોને સેવા પૂરી પાડવા, ફરિયાદો દૂર કરવા, યોગ્ય વ્યવહાર કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવતો દસ્તાવેજ નીચે પૈકી કયા નામથી ઓળખાય છે?

(A) નાગરિક અધિકારપત્ર

(B) જનસેવા કેન્દ્ર પુસ્તિકા

(C) માહિતીનો અધિકારપત્ર

(D) શ્વેતપત્ર

**299.** રાજ્યમાં બેરોજગારોને રોજગારી મળી રહે તે માટેના નોંધણી કેન્દ્રો ''એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ'' ગુજરાત સરકારના ક્યા વિભાગ હસ્તક છે?

(A) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(B) શ્રમ અને રોજગાર વિભાગ

(C) પંચાયત વિભાગ

(D) આદિજાતિ વિકાસ વિભાગ

**300.** પંચાયત અને મ્યુનિસિપાલિટીની ચૂંટણી કોણ કરે છે?

(A) મ્યુનિસિપલ કોર્પોરેશન

(B) જિલ્લા પંચાયત

(C) ભારતનું ચૂંટણીપંચ

(D) ઉપરમાંથી કોઇ નહીં